# જીવતરનો નીચોડ

– આશા વીરેન્દ્ર

ડૉ. પ્રકાશસીંહ એટલે સૌને વહાલા દાદાજી. કુટુમ્બીજનો હોય કે મીત્રો, સગાં-સ્નેહી હોય કે એમના દર્દીઓ – દરેકને એમને માટે ભારોભાર સ્નેહ અને આદર. ડૉક્ટરસાહેબ આયુષ્યનાં 75 વર્ષ પુરાં કરીને 76માં પ્રવેશવાના હતા. આખા પરીવારે મળીને આ પ્રસંગ યાદગાર બની રહે એ રીતે ઉજવવાનું નક્કી કર્યું હતું. પૌત્ર આકાશ અને એની પત્ની રુચી, બેઉ ડૉક્ટરસાહેબ માટે જાણે ડાબી-જમણી આંખ. તેથી જ દાદાજી માટે કંઈક અનોખી ભેટ લાવવાની જવાબદારી એ બન્નેને સોંપાઈ હતી.

‘ના, ના, શર્ટ-પેન્ટ નથી લેવાં. એ તો સાવ ઓર્ડીનરી લાગે. દાદાજી માટે કંઈક ‘યુનીક’ ગીફ્ટ લેવી જોઈએ.’ રુચીએ કહ્યું.

‘શાલ, શર્ટ-પેન્ટ બધી વસ્તુની ના પાડે છે તો લઈશું શું ?’ આકાશ અકળાયો હતો. અચાનક રુચીની નજર સામેની ગીફ્ટશૉપ તરફ ગઈ. દરેક ચીજ આકર્ષક રીતે સજાવીને મુકેલી હતી. દુકાનદાર પણ હસમુખો અને ગ્રાહકની વાત તરત સમજી લે એવો હતો. એણે એક એકથી ચડીયાતી પેન બતાવવા માંડી. રુચીએ જોયું કે કઈ પેનથી વધુ સારું લખાય છે. એ જોવા માટે રફ પેપર પર લખતી વખતે આકાશ R.Y.P એમ ત્રણ અક્ષરો જ દર વખતે લખતો હતો. અન્તે બન્નેએ ‘ક્રોસ’ની એક પેન અને સુન્દર કોતરણીવાળી એક ફોટોફ્રેમ પસંદ કર્યાં.

‘જુઓ સાહેબ, ફ્રેમમાં તમે કોઈનો ફોટો કે કશુંક લખાણ મુકવા માગતા હો તો કહો. બે દીવસમાં તૈયાર કરી આપીશ.’

રુચીનું સુચન હતું, ‘દાદાજીનો ફોટો મુકાવીને નીચે ‘75’નો આંકડો લખાવીએ.’

‘હા, પણ ફ્રેમમાં સૌથી ઉપર R.Y.P. અક્ષરો સોનેરી રંગમાં લખજો. અને હા, આ પેન પર પણ R.Y.P. લખી શકાય ને ?’ આકાશે દુકાનદારને પુછ્યું.

‘હા હા, ચોક્કસ લખી શકાય, સર ! બન્ને વસ્તુ બે દીવસ પછી આપું તો ચાલશે ?’

રસ્તામાં રુચીએ પુછ્યું : ‘આકાશ, આ R.Y.P. અક્ષરોનો અર્થ શો છે ?’

આકાશે માથું ખંજવાળતાં કહ્યું : ‘રુચી, સાચું કહું તો એની પાછળનું રહસ્ય મને પણ ખબર નથી. દાદાજીએ એમનાં બધાં પુસ્તકોના પહેલા પાને R.Y.P. લખ્યું છે. પપ્પા પણ કહેતા હતા કે, આ અક્ષરો પાછળનો ભેદ શો છે એ દાદાજીએ હજી સુધી કોઈને કહ્યું નથી.’

ડૉક્ટરસાહેબની વર્ષગાંઠની પાર્ટી બરાબર જામી હતી. આવનારા મહેમાનો ડૉક્ટરને મુબારકબાદી આપવામાં, એકમેકને મળવામાં અને વાતો કરવામાં મશગુલ હતા ત્યારે મોકો જોઈને રુચીએ ધડાકો કર્યો :

‘હવે દાદાજી આપણને એમના જીવન વીશે, એમના અનુભવો વીશે, થોડી પ્રેરણાદાયી વાતો તો કરશે જ; પણ સાથે સાથે R.Y.P. અક્ષરો સાથે એમનો શો સમ્બન્ધ છે એની વાત પણ કરશે.’

પ્રકાશસીંહના પ્રભાવશાળી ચહેરા પર એક ભરપુર અને અર્થસભર જીન્દગી જીવ્યાનો સંતોષ છલકાતો હતો. કંઈક સંકોચ સાથે એમણે શરુઆત કરી :

'આજે જીન્દગીમાં હું જે મુકામ પર પહોંચ્યો છું એનું મોટા ભાગનું શ્રેય આ R.Y.P. અક્ષરોને આપી શકું. જો કે, આ વીશે કાંઈ કહેતાં પહેલાં મારે 1948ની સાલના યાતનાભર્યા અને લોહીયાળ દીવસોમાંથી પસાર થવું પડશે જ્યારે ચારે બાજુ મારો, કાપો અને આ હીન્દુ, આ મુસ્લીમ એવા આગ ઝરતા શબ્દો સંભળાતા હતા. ભાગલાના એ કપરા સમયમાં પાકીસ્તાનના પંજાબમાં ઘર-બાર, માલ-મીલકત સઘળુંય છોડીને અમારો પરીવાર ચાલી નીકળ્યો હતો. ભાગીને હીંદુસ્તાન આવ્યા પછી, નીરાશ્રીતોની છાવણીમાં કાઢેલા દીવસો ખુબ કપરા હતા; પણ ફક્ત ને ફક્ત મારા પીતાજીની હીમ્મત અને ધીરજને સહારે જ અમે ટકી ગયા. આ પ્રસંગે હું એમને યાદ કરીને નમન કરું છું.' દાદાજીનું ગળું રુંધાઈ ગયું. રુચી દોડીને પાણીનો ગ્લાસ લઈ આવી.

'જેમ તેમ કરતાં અમે નવા વાતાવરણમાં ગોઠવાયા તો ખરાં; પણ હું બરાબર સમજતો હતો કે, પીતાજી પર અસહ્ય બોજો આવી પડ્યો છે. ત્રણ ત્રણ સંતાનોને ભણાવવાં-ગણાવવાં અને હમ્મેશાં બીમાર રહેતી પત્નીની કાળજી રાખવી એ તો ખરું જ; ઉપરાંત તદ્દન અજાણી જગ્યામાં નવેસરથી જીન્દગી શરુ કરવી. તોય હમ્મેશાં હસતાં હસતાં માને કહેતા, આજે ભલે મુસીબત વેઠવી પડે; પણ કાલે આપણા છોકરાઓ હીરાની માફક ઝળકી ઉઠશે.

'મને અમૃતસરની મેડીકલ કૉલેજમાં એડમીશન મળ્યું. મેં રાત-દીવસ જોયા વીના સખત મહેનત કરવા માંડી. મીત્રો હૉટેલમાં જમવા કે આઈસ્ક્રીમ ખાવા બહાર જતા હોય કે સીનેમાની મજા માણવાના હોય, હું સતત મારા મનને સમજાવતો કે, 'તને આ બધું ન પોષાય' – 'રીમેમ્બર યુ આર પુઅર – R.Y.P.' મેસનું બેસ્વાદ ભોજન ખાઈ ખાઈને કંટાળેલા અને થાકેલા મનને હું કાગળ પર R.Y.P લખી લખીને સમજાવતો. હું વીચારતો કે, પીતાના અથાક પરીશ્રમથી કમાયેલી એક પાઈ પણ વ્યર્થ ખર્ચવાનો મને અધીકાર નથી. એવા સંજોગોમાં મનને સમજાવવાનું અઘરું જરુર હતું; પણ અશક્ય તો નહોતું જ.'

સૌ આમંત્રીતો પ્રશંસાભરી નજરે પ્રકાશસીંહ સામે જોઈ રહ્યા હતા અને એમનો એક એક શબ્દ ધ્યાનથી સાંભળી રહ્યા હતા. 'ડૉક્ટર થયા પછી ભલે મેં મારી પોતાની હૉસ્પીટલ બનાવી અને ખુબ ખ્યાતી પ્રાપ્ત કરી; પણ પેલા R.Y.P. ને હું એક દીવસ માટે પણ ભુલ્યો નહીં. એ અક્ષરોએ જ મને નમ્ર, દયાળુ અને સંવેદનશીલ બનાવ્યો અને મારા સાથીઓ અને દર્દીઓએ આ અક્ષરોને કારણે જ મને અઢળક પ્રેમ આપ્યો. એમણે જ હમ્મેશાં મને મારા મુળ સાથે જોડેલો રાખ્યો છે. હું તો માનું છું કે આ અક્ષરો જાણે મારા જીવતરનો નીચોડ છે.'

પ્રકાશસીંહે પોતાની વાત પુરી કરી ત્યારે ત્યાં બેઠેલા બધા સ્તબ્ધ થઈ ગયાં હતાં. આકાશ અને રુચીએ દાદાજીને પગે લાગીને એમના હાથમાં પેન અને ફોટોફ્રેમ મુક્યાં ત્યારે ડૉક્ટર સાહેબ ભાવવીભોર થઈ ગયા. એમની આંગળીઓ મમતાપુર્વક R.Y.P. અક્ષરોને એક એક કરીને સ્પર્શી રહી.

(રણજીતસીંહ સહેગલની અંગ્રેજી વાર્તાને આધારે.. 'ભુમીપુત્ર' પાક્ષીકના સપ્ટેમ્બર-2011ના અંકમાંથી સાભાર..ઉત્તમ ગજ્જર..)

–આશા વીરેન્દ્ર


સર્જક–સમ્પર્ક :

–આશા વીરેન્દ્ર

બી–401, 'દેવદર્શન', પાણીની ટાંકી પાસે, હાલર , વલસાડ– 396 001

ફોન : 02632-251 719 મોબાઈલ : 94285 41137 ઈ–મેઈલ : avs_50@yahoo.com


♦●♦


'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષ: અગીયારમું – અંક: 324 – June 14, 2015

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com


@@@@@


More than 3,15,10,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 46,20,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 7,65,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 1,68,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com


@@@@@@@@@